**(1)**

લગ્નની ફારગતી યાને છુટાછેડા નો લેખ

સંવત ........... ના ................. ને વાર ........... તારીખ ......... માહે ......... સને .......... ના અંગ્રેજી દીને હમો

ફારગતી યાને છુટાછેડાનો લેખ લખાવી લેનાર પ્રથમ પક્ષનાઃ-

નામઃ-...................ઉ.વ.આ-........ધંધો-...........જાતના-.............રહે-................................ મો.............

તથા

ફારગતી યાને છુટાછેડાનો લેખ લખી આપનાર બીજા પક્ષનાઃ-

નામઃ-...................ઉ.વ.આ-........ધંધો-...........જાતના-.............રહે-................................ મો.............

જત આજરોજ આપણે બંન્ને પક્ષનાઓ એકબીજાઓની સંમતિથી આ ફારગતી યાને છુટાછેડાનો લેખ નીચેની શરતો મુજબ કરીએ છીએ કેઃ-

(૧) આપણા પક્ષકારોના લગ્ન આજ થી **.........**વર્ષ અગાઉ હિન્દુ વિધી શાસ્ત્ર તેમજ જ્ઞાતિના રિતરિવાજ મુજબ **.....................** મુકામે થયેલા અને તે હકીકતમાં આપણા બંને પક્ષના એકબીજાના કાયદેસરના ધણી ધણીયાણી થઈએ છીએ. અને આપણા બંન્ને વચ્ચે છેલ્લા **..............** વર્ષ ઉપરાંતથી સતત ઝગડો ચાલતો હોઈ અને આપણા બંન્ને છેલ્લા ......... વર્ષ ઉપરાંતથી અલગ અલગ રહીએ છીએ. આપણે બંન્ને અલગ અલગ રહેતા હોવાથી અને આપણા બંને પક્ષના વચ્ચે મનમેળ ન હોવાથી સાથે રહી લગ્ન જીવન વિતાવી શકે તેમ નથી. અને આપણે બંન્ને યુવાન હોઈ બંન્ને યુવાન હોઈ બંન્નેની ઉંમર હજુ બીજા લગ્ન કરવાને લાયક હોય અને આપણા બંન્ને વચ્ચે રીયુનીયનના કોઈ શકયતા ન હોય અને આપણા વચ્ચે સમાજના માણસો વચ્ચે પડી સમાધાન કરવાનાં ખુબ પ્રયત્ન કરવા છતાં પણ આપણા બંન્ને વચ્ચે સુલેહ થયેલ ન હોઈ અને આપણે બંન્ને અલગ અલગ રહેતા હોવાથી તેથી આપણુ લગ્નજીવન લાંબો સમય ટરી શકે તેમ ન હોય આપણા સમાજમાં આપણી જ્ઞાતિ રિતરિવાજ મુજબ છુટાછેડાનો લેખ નોંધાવીએ છીએ.

(૨) આપણે બંને પક્ષનાએ એકબીજાની સંમતિથી અને કોઈના કોઈપણ જાતના દાબદબાણ વગર લગ્નની ફારગતિ કરેલ હોય હવે પછી પ્રથમ પક્ષના બીજા કોઈ પરપુરુષ સાથે લગ્ન કરેતો તેમાં બીજાપક્ષનાએ કોઈ વાંધો ઉઠાવવાનો નથી અને તેજ પ્રમાણે બીજાપક્ષના કોઈ પણ સ્ત્રી સાથે બીજા લગ્ન કરે તો તેમાં પ્રથમપક્ષના એ વાંધો ઉઠાવવાનો નથી અને જો કોઈ પક્ષકાર વાંધો ઉઠાવે તો આ લેખથી રદબાતલ થાય સહી.

(૩) આપણે પક્ષકારોના **........**વર્ષ ઉપરાંત ના લગ્ન જીવન થકી **.......**સંતાન નામે **..................** ઉ.આવ**.......** છે. અને જે હાલ પ્રથમપક્ષના પાસે રહે છે. અને પ્રથમપક્ષના ના સાથે બીજાપક્ષના એ ધર મેળે ફારગતી કરેલ છે. અને પ્રથમપક્ષનાએ સગીર **..............**ની તમામ પ્રકારની ઉછેર કરવાની જવાબદારી સ્વીકારી છે. તથા ભવિષ્યમાં પ્રથમપક્ષના બીજાપક્ષના પાસે ડાયવોર્સી પત્ની તરીકે તેના માટે કોઈ ભરણપોષણ માટે સી.આર.પી.સી.ની કલમ-125 હેઠળ કોઈપણ કોર્ટમાં દાવો/અરજી કરવાની નથી. અને ભવિષ્યમાં જો પ્રથમપક્ષના બીજાપક્ષનાની પાસે કોઈ પણ કોર્ટમાં ડાયવોર્સી પત્ની તરીકે ભરણપોષણ મેળવવા માટે અરજી કે તથા બીજા પક્ષનાની મિલકતમાં પ્રથમપક્ષના માટે લાગભાગ હક્ક

(2)

હીત હિસ્સો માંગી કોઈ પણ કોર્ટમાં દાવો કરે તો તે આ લેખથી રદબાતલ ગણાય સહી. એવી સ્પષ્ટ સમજુતી સાથે આ ફારગતી નો લેખ કરેલ છે. તથા અને હાલ પ્રથમ પક્ષના બીજાપક્ષનાથી સર્ભગા નથી.

(૪) આપણી જ્ઞાતીમાં ફારગતી કરવાનો ધણો જુનો રિવાજ છે અને આદિપૂર્વથી આપણી જ્ઞાતીમાં પહેલાથી ફારગતી થતી આવી છે એ હકીકતમાં આપણી જ્ઞાતીના રિવાજ મુજબ આપણે પક્ષકારો એકબીજા થી છુટા થવાનુ નકકી કરી આ ફારગતી યાને છુટાછેડાના લેખથી આપણે બંન્ને પક્ષકારો એકબીજાથી સર્વે વાતે છુટા થયા છે.અને તેમાં કોઈ પક્ષકારે તકરાર કરવાની નથી.

(૫) આ ફારગતિના લેખથી પ્રથમપક્ષના **...................** બીજાપક્ષના **...................**ના ધણીયાણી રહયા નથી અને તે મુજબ આ ફારગતીના લેખથી બીજાપક્ષના **...............................** પ્રથમપક્ષના **.................** ના ધણી રહયા નથી. અને હવેથી આપણે પક્ષકારો વચ્ચે ધણી ધણીયાણી તરીકેનો સબંધ રહયો નથી કે રાખવાનો નથી આપણે બંન્ને પક્ષકારો ધણી ધણીયાણીના સબંધમાંથી મુકત થયા હોવાથી આપણે પક્ષકારો હરકોઈ જગ્યાએ લગ્ન કરવા હક્કદાર છીએ તેમા કોઈ તર તકરાર યા દરદાવો કરવામાં આવે તો તે આ લેખથી રદબાતલ થાય સહી.

ઉપરની વિગતે આ લગ્નની ફારગતી યાને છુટાછેડાનો લેખ આપણા બંને પક્ષનાઓએ વાંચી સમજી વિચારીને કોઈપણ જાતના દાબદબાણ વિના સભાન અને તંદુરસ્ત બિનકેફ હાલતમાં કર્યો છે. જે આપણે બંને પક્ષનાઓને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે સહી.

આ લગ્નની ફારગતિનો લેખ બે પ્રત ઉપર રૂ.**300/-,300/-** અંકે રૂપીયા ત્રણસો પુરા ના સ્ટેમ્પ ઉપર કરવામાં આવેલ છે. જે બંને ઉપર આપણે પક્ષકારોએ મતા સહી શાખો કરાવી બે માંથી એક પ્રત બંને પક્ષનાઓએ પાસે રાખવામાં આવી છે. જે બંને અસલ સમજવાની છે.

અત્રે.................................................મતુ તત્રે...............................................શાખ

ફારગતી યાને છુટાછેડાનો લેખ લખાવી લેનાર પ્રથમ પક્ષનાઃ-

સહી/-.......................................

નામઃ-........................................ સાક્ષીની સહીઃ- 1.......................

ફારગતી યાને છુટાછેડાનો લેખ લખી આપનાર બીજા પક્ષનાઃ- 2.......................

સહી/-.......................................

નામઃ-........................................

**(3)**

ફોટાની વિગત

<u>ફારગતી યાને છુટાછેડાનો લેખ લખાવી લેનાર પ્રથમ પક્ષનાઃ-</u>

સહી/-................................

નામઃ-................................

પ્રથમ પક્ષનાનો ફોટો

પ્રથમ પક્ષના અંગુઠાનુ નિશાન

.........................................................................................................................................

<u>ફારગતી યાને છુટાછેડાનો લેખ લખાવી લેનાર પ્રથમ પક્ષનાઃ-</u>

સહી/-................................

નામઃ-................................

બીજાપક્ષનાનો ફોટો

પ્રથમ પક્ષના અંગુઠાનુ નિશાન